# નાર્કોટીક્સના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી
# સુરત શહેર એસ.ઓ.જી.

પુણા પો.સ્ટે. ગુ.ર.નં.૧૯૯૫/૨૦૨૦ એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૮(સી), ૨૦(બી)ii, ૨૯ મુજબના ગુન્હાના કામે નાસતા- ફરતો આરોપી નિતેષ સુનીલ પાંડે ઉ.વ.૩૪ રહે. ફ્લેટ નં.૫, ડાયમંડ એપાર્ટમેન્ટ એ.કે રોડ વરાછા, સુરત મુળ ગામ- રામનગર થાના ભાનપુર જી.બસ્તી (યુ.પી) વાળો હાલ અઠવાલાઇન્સ કાદરશાની નાળ પાસે ઉભો હોવાની સુરત શહેરના એસ.ઓ.જી.ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તે વખતે એસ.ઓ.જી. PC મહેન્દ્રસીંહ દિલીપસિંહ નાઓને ખાનગી રાહે બાતમી આધારે એસ.ઓ.જી. ટીમે બાતમીવાળી જગ્યાએ વોચ ગોઠવી ઉપરોક્ત આરોપીને ઝડપી પાડી તેની પુછ-પરછ કરતા પોતે ચોરી છુપીથી ચરસ વેચતો હોય જેથી તેણે રાજસ્થાન જોધપુર ખાતે રહેતા તેના મિત્ર પાસેથી ચરસનો જથ્થો મંગાવતા ગુન્હામાં અગાઉ પકડાયેલ આરોપીઓ (૧) લાડુનાથ તથા (૨) પ્રકાશ જાગડ. બન્ને રહે. જોધપુર રાજસ્થાનવાળા સુરત ખાતે ચરસનો જથ્થો આપવા આવતા પોતે ગોવા ખાતે હોય જેથી આ ચરસનો જથ્થો લેવા અગાઉ પકડાયેલ આરોપી તેના મિત્ર જીજ્ઞેશ ઠાકુર રહે. વરાછા સુરતવાળાને મોકલતા ત્રણેય આરોપીઓને તા.૨૪/૧૨/૨૦૨૦ ના રોજ પુણા પોલીસે ચરસનો જથ્થો વજન ૪૭૨ ગ્રામ કિં.રૂ.૨,૩૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપાઇ ગયેલ અને પોતે આ ગુન્હામા નાસતો ફરતો હોવાથી હકીકત જણાવતા તેને સદર ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.